| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ થયા તારીખ | ૨૮/૦૭/૨૦૨૫ | | |
| કેસ રજી. થયા તારીખ | ૨૮/૦૭/૨૦૨૫ | | |
| કેસ ફેંસલ કર્યા તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૦ | ૨૬ |

**મહેરબાન ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ,**
**મુકામ– સુરેન્દ્રનગર.**

**ફો.કેસ નં. ૨૯૧૬/૨૦૨૫.**
**આંક:–**

**ફરિયાદી:–** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી.** **ભાવનાબેન બળદેવભાઈ બ્રહમભટ્ટ**

રહે. અમદાવાદ, સી–૮૦,

દર્શનાધામ સોસાયટી, સગુણાપાર્ક

આશીર્વાદ સીટી ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ

એસ્ટેટ,

હાલ રહે. રાજકોટ, નવાગામ આણંદપર,

મામાવાડી.

**ગુન્હો ::** **બી.એન.એસ.ની કલમ – ૩૦૩ (૨) મુજબ**

--------------------------------

ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી :: એ.બી.દેસાઈ.
આરોપી તરફે વિ.વ.શ્રી :: એમ.વી.પાઠક.

---

**-// ચુકા દો //-**

(૧) ફરીયાદપક્ષ દ્રારા આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ - ૩૦૩ (૨) મુજબ શિક્ષાપાત્ર ગુના અંગેનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષ દ્રારા આરોપી પર મુકવામાં આવેલ તહોમતની સંક્ષિપ્ત હકીકત નીચે મુજબ છે.

(૨) આ કામના આરોપીએ તારીખ ૨૮/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૨૫ થી કલાક ૧૫/૧૫ વાગ્યાના અરસામાં સુરેંદ્રનગર જેલ ચોક જુની કન્યા શાળા સામે આવેલ સુરેંદ્રનગર કેનેરા બેન્કની બ્રાન્ચ મેનેજરની ઓફીસમાં ફરીયાદીના ટેબલ પરથી નીચે પડી ગયેલ કાપડની બેગીમા રહેલ (૧) સોનાનો હાર નંગ.૦૧ જેનો વજન ૩૨.૨ ગ્રામ જેની કિ.રૂ.૨,૨૯,૯૭૦/- તથા(૨) સોનાનો હારા નંગ.૦૧ જેનુ વજન ૨૯.૩૬ ગ્રામ જેની કિ.રૂ.૨,૦૯,૧૧૪/- તથા (૩) સોનાની બુટીનંગ. ૦૨ જેનુ વજન ૧૬.૩૨ ગ્રામ જેની કિ.રૂ.૧,૧૬,૩૩૩/- તથા (૪) કાનમા પહેરવાની સટુ(સેર) નંગ.૦૨ તથા સોનાની બુટી નંગ.૦૨ જે બન્નેનુ વજન ૧૯.૪૬ ગ્રામ જેની કિ.રૂ.૧,૩૮,૭૭૫/- સાથે કુલ કિ.રૂ.૬,૯૪,૧૯૨/-ના સોનાના દાગીના ભરેલ બેગી ફરીયાદીની નજર ચુકવી ચોરી કરી લઈ જઈ ગુનો કરી પકડાઈ જઈ, આરોપીએ બી.એન.એસ.ની કલમ - ૩૦૩ (૨) મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

**પોલીસ કાર્યવાહી.**

(૩) ઉપરોકત ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ સુરેન્દ્રનગર '' એ '' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે આધારે પી.એસ.ઓ. દ્રારા ગુના રજીસ્ટ્રેશન નંબર –૦૪ ૮૭/૨૦૨૫ થી ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ આ કામે તપાસ કરનાર અધિકારીને સદર ગુનાની તપાસ સોંપતા તેઓએ જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ, પૂરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલત સમક્ષ હાલના આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**<u>કોર્ટ કાર્યવાહી.</u>**

(૪) સદર કામના આરોપીને સમન્સ કરતા જેની બજવણી થતાં કોર્ટ સમક્ષ આરોપીઓ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો ક્રિ. પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક – ૦૫ થી આરોપી વિરૂઘ્ધ તહોમતનામુ ફરમાવી આંક – ૦૬ થી પ્લી નોંધતા આરોપીએ ગુનો કબુલ નથી, કેસ આગળ ચલાવવો છે તેમ જાહેર કરતા આરોપીની વિરૂઘ્ધ ન્યાયિક ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ દ્રારા નીચે નોંધ્યા મુજબનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખવામાં આવેલ છે.

(૫) ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

**ફરિયાદ પક્ષે મૌખીક પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી મુકેશકુમાર પ્રકાશભંદ બારોલીયાની જુબાની | ૦૭ |
| ૨ | પંચ રાજેશકુમાર બાબુલાલ શાહની જુબાની | ૦૯ |

**ફરિયાદ પક્ષે લેખિત પુરાવોઃ–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરિયાદ | ૦૮ |
| ૨ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામું | ૧૦ |
| ૩ | સુચીપત્ર | ૧૧ |
| ૪ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૧૨ |
| ૫ | સી.સી.ટી.વી. ફુટેજ | ૧૩ |
| ૬ | ભારતીય સાક્ષ્ય અધિનીયમ–૨૦૨૩ ની કલમ ૬૩(૪)(સી) ની જોગવાઈ હેઠળનુ પ્રમાણપત્ર | ૧૪ |
| ૭ | સોનાની ખરીદી અંગેનુ બીલ | ૧૫ |

(૬) આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ જ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવા ન હોઈ કલોઝીંગ પુરસીસ – ૧૬ થી ફરિયાદીએ રજુ રાખી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું મૌખીક વિનંતીથી જાહેર કરવામાં આવતા ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લઈ ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાય આવતો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**<u>દલીલો</u>**

(૮) આ કામમાં ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી. એ.બી.દેસાઈ દલીલો કરતા જણાવે છે કે, આ કામના આરોપીની વિરૂધ્ધ ફરિયાદપક્ષે રજૂ રાખેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પોતાનો કેસ નિ:શંકપણે રેકર્ડ પર સાબિત કરેલ હોય, આરોપીને કાયદાથી ફરમાવેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે તેમજ આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામા આવેલ છે.

(૯) સદર કામે રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા નીચે મુજબ ના મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૮/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૨૫ થી કલાક ૧૫/૧૫ વાગ્યાના અરસામાં સુરેંદ્રનગર જેલ ચોક જુની કન્યા શાળા સામે આવેલ

સુરેંદ્રનગર કેનેરા બેન્કની બ્રાન્ચ મેનેજરની ઓફીસમાં ફરીયાદીના ટેબલ પરથી નીચે પડી ગયેલ કાપડની બેગીમા રહેલ (૧) સોનાનો હાર નંગ.૦૧ જેનો વજન ૩૨.૨ ગ્રામ જેની કિ.રૂ.૨,૨૯,૯૭૦/- તથા(૨) સોનાનો હારા નંગ.૦૧ જેનુ વજન ૨૯.૩૬ ગ્રામ જેની કિ.રૂ.૨,૦૯,૧૧૪/- તથા (૩) સોનાની બુટીનંગ. ૦૨ જેનુ વજન ૧૬.૩૨ ગ્રામ જેની કિ.રૂ.૧,૧૬,૩૩૩/- તથા (૪) કાનમા પહેરવાની સટુ(સેર) નંગ.૦૨ તથા સોનાની બુટી નંગ.૦૨ જે બન્નેનુ વજન ૧૯.૪૬ ગ્રામ જેની કિ.રૂ.૧,૩૮,૭૭૫/- સાથે કુલ કિ.રૂ.૬,૯૪,૧૯૨/-ના સોનાના દાગીના ભરેલ બેગી ફરીયાદીની નજર ચુકવી ચોરી કરી લઇ જઈ ગુનો કરી પકડાઈ જઈ આરોપીએ બી.એન.એસ.ની કલમ - ૩૦૩ (૨) મુજબ નો શીક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

**(૯.૧)** ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>::- કારણો -::</u>**

**મુદ્દા નં. ૧ અને ૨ ની સંયુકત ચર્ચા:-**

**(૧૦)** ફરિયાદપક્ષ તરફે કેસ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે ફરિયાદી મુકેશકુમાર પ્રકાશભંદ બારોલીયાનાઓને આંક - ૦૭

થી તપાસી તેઓની જુબાની દરમિયાનમાં આંક – ૦૮ થી ફરિયાદ રજૂ રાખવામાં આવેલ છે. સદર ફરિયાદી પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એક વર્ષ પહેલા બનેલો હાલના આરોપીની પહેલાના ગ્રાહકની ગોલ્ડ લોનનુ કામકાજ ચાલતુ હતુ. તે દરમ્યાન પેક કરેલ સોનુ ફાઈલથી ધકકો લાગતા અચાનક ટેબલ નીચે તેઓની કેબીનમાં પડી ગયેલ તે દરમ્યાન મારી કેબીનમાં હાજર ગ્રાહકોના નામ સાથે તેઓએ ગોલ્ડ ચોરી થયાની ફરીયાદ એ.ડી.વી. પો.સ્ટે લખાવેલી. ત્યારબાદ બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સદરહું ફરિયાદીએ સ્વીકારેલ છે કે, ફરીયાદ એક દીવસ મોડી કરેલી તેમજ ચોરી કરનારને તેઓએ નજરે જોયેલ નથી. તથા કોઈ ઓળખ પરેડ પણ કરાવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષે તરફે કેસ પુરવાર કરવા આંક–૯ થી પંચ રાજેશકુમાર બાબુલાલ શાહને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓને ઉભા રાખેલા અને એક તૈયાર કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી એ સિવાયની કોઈ હકીકત તેઓ જાણતા નથી. તેઓ ઉલટતપાસમાં કબુલે છે કે, પોલીસે માત્ર તૈયાર કાગળમાં સહી લીધેલ તેમની સમક્ષ કોઈ મુદામાલ રીકવર કરેલ નથી. જે ફરીયાદથી વિરૂધ્ધ છે. પંચ સાહેદ ફરીયાદની

હકીકતને સમર્થન કરતા નથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

(૧૨) ફરીયાદ પક્ષે રજુ પુરાવાઓ જોવામાં આવે તો ઉપરોકત ફરીયાદીને આંક – ૦૭ થી સોગંદ પર તપાસેલા છે તેઓ પોતાની આંક – ૦૮ થી રજુ થયેલ ફરીયાદ માંહેની વિગતોને સર્મથન કરતાં નથી તેમજ બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસના ભાગે કબુલ રાખે છે કે ફરીયાદ એક દીવસ મોડી કરેલી તેમજ ચોરી કરનારને તેઓએ નજરે જોયેલ નથી.આરોપીને તેઓ નામજોગ ઓળખતા નથી કે કોઈ ઓળખ પરેડ પણ કરાવેલ નથી. તેમજ દસ્તાવેજો માંહેની વિગતો ફરીયાદ પક્ષે ધારાસર પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ પુરવાર કરેલ ન હોય ફરીયાદ પક્ષને મદદરૂપ બનતાં નથી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લઈએ તો,

**(1) AIR 1977 SC 170 -**

**RABINDRA KUMAR DEY V/S STATS OF ORRISA.**

1) That the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;

2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

3) That the onus of the prosecution never shifts.

(૧૩) ઉપરોકત ચૂકાદો ચીવટપૂર્વક વંચાણમાં લેતાં ક્રિમીનલ જયુરીશ પ્રુડન્સના ખૂબજ મહત્વના સિધ્ધાંતો પણ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષ આરોપીની વિરૂધ્ધનો પોતાનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે. ફરિયાદી મુકેશકુમાર પ્રકાશભંદ બારોલીયાનાઓ તેમના પુરાવામાં ફરિયાદને સમર્થન કરતો પુરાવે આપે છે. જયારે તેમની ઉલટતપાસ ધ્યાને લઈએ તો ફરીયાદ એક દીવસ મોડી આપેલી તેમજ ચોરી કરનારને તેઓએ નજરો નજર જોયેલ નથી.તથા તેઓ આરોપીને નામજોગ ઓળખતા નથી. આરોપીની તેમની સમક્ષ ઓળખ પરેડ કરાવેલ ન હોવાનું સ્વીકારેલ છે. આમ, ફરિયાદી પોતે ભોગ બનનાર છે. તેમ છતાં ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવા જેટલો પુરાવો રજૂ રાખતા નથી. જે ધ્યાને લેતાં આ કામના ફરિયાદીની રીક્ષા ચોરી થયેલાનું ફલિત થાય છે. પરંતુ તે ચોરી આ કામના આરોપી દ્રારા જ કરવામાં આવેલી હોય, તેવી હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં આ કામે આંક – ૧૦ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ તથા આંક – ૧૨ થી બનાવવાળી જગ્યા અંગેનું પંચનામુ રજૂ કરવામાં આવેલ છે. જે પંચનામાની હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલા નથી. તેમજ ફરિયાદીએ આંક – ૧૬ થી કલોઝીંગ પુરસીશ રજૂ કરેલ

હોય, તે સંજોગોમાં ઉપરોકત રજુ સમગ્ર પુરાવાઓની ચર્ચાના પ્રકાશમાં જોતાં ફરીયાદ પક્ષ આરોપી ની વિરૂધ્ધના આક્ષેપો જેવાં કે, આ કામના આરોપીએ તારીખ ૨૮/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૨૫ થી કલાક ૧૫/૧૫ વાગ્યાના અરસામાં સુરેંદ્રનગર જેલ ચોક જુની કન્યા શાળા સામે આવેલ સુરેંદ્રનગર કેનેરા બેન્કની બ્રાન્ચ મેનેજરની ઓફીસમાં ફરીયાદીના ટેબલ પરથી નીચે પડી ગયેલ કાપડની બેગીમા રહેલ (૧) સોનાનો હાર નંગ.૦૧ જેનો વજન ૩૨.૨ ગ્રામ જેની કિ.રૂ.૨,૨૯,૯૭૦/- તથા(૨) સોનાનો હારા નંગ.૦૧ જેનુ વજન ૨૯.૩૬ ગ્રામ જેની કિ.રૂ.૨,૦૯,૧૧૪/- તથા (૩) સોનાની બુટીનંગ. ૦૨ જેનુ વજન ૧૬.૩૨ ગ્રામ જેની કિ.રૂ.૧,૧૬,૩૩૩/- તથા (૪) કાનમા પહેરવાની સટુ(સેર) નંગ.૦૨ તથા સોનાની બુટી નંગ.૦૨ જે બન્નેનુ વજન ૧૯.૪૬ ગ્રામ જેની કિ.રૂ.૧,૩૮,૭૭૫/- સાથે કુલ કિ.રૂ.૬,૯૪,૧૯૨/-ના સોનાના દાગીના ભરેલ બેગી ફરીયાદીની નજર ચુકવી ચોરી કરી લઇ જઈ ગુનો કરી પકડાઈ જઈ આરોપીએ બી.એન.એસ.ની કલમ – ૩૦૩ (૨) મુજબ ના શિક્ષાપાત્ર ગુનો આરોપીઓએ કર્યાનું સબળ, શ્રેષ્ઠ, સચોટ, સર્મથનકારી, વિશ્વસનીય, માનવાલાયક તેમજ કડીબધ્ધ પુરાવાઓ રજુ રાખી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નંબર – ૧ નો જવાબ '' નકાર '' માં આપી, મુદ્દા નંબર – ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **–// આખરી હુકમ //–**

**(૧)** આ કામના આરોપી ભાવનાબેન બળદેવભાઈ બ્રહમભટ્ટ રહે. અમદાવાદ, સી–૮૦, દર્શનાધામ સોસાયટી, સગુણાપાર્ક આશીર્વાદ સીટી ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,હાલ રહે. રાજકોટ,નવાગામ આણંદપર, મામાવાડી. રાજકોટવાળાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૧ (૧) ( સી.આર.પી.સી.ની કલમ – ૨૪૮(૧)) અન્વયે બી.એન.એસ.ની કલમ – ૩૦૩ (૨) મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**(૨)** આ કામે મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તેને કાયમ રાખવામાં આવે છે/મુદામાલ અંગે જો કોઈ હુકમ થયેલ ન હોય તો તેના માલિકની ખરાઈ કરી મુદામાલ પરત સોંપવો.

**(૩)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના અપીલ સમય સુધીના સધ્ધર જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં આજરોજ રજૂ કરવા.

ઉપરોકત હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૨૩ / ૦૬ /૨૦૨૬
મુકામ – સુરેન્દ્રનગર.

( રૂચિતા.વી.વૈશ્ય )
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર.
કોડ નંબર -**GJ-01149.**